BAOU Education for All

॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad



# વૈશ્વિકતા માટે શાંતિ અને સંવાદનું શિક્ષણ

**ડૉ. જાગૃતિ મહેતા**

**"સત્યને જાણવું, સત્યને સમજવું તથા સત્યને મનુષ્યજીવનમાં ક્રિયાન્વિત કરવું એ જ શિક્ષણની યથાર્થતા છે."**

**- યજુર્વેદ, સ્વાધ્યાય:૧૯, મંત્ર:૩૦**

આ રીતે જોતા આપણી ભારતીય ઋષિ સંસ્કૃતિમાં આવી વિચારસરણીને પ્રાધાન્ય આપી, આપણા વડીલ ઋષિમુનિઓએ તત્કાલિન સમયમાં મર્યાદિત વસ્તી-જ્ઞાનસીમાની મર્યાદાઓ, માનવજીવનના ધારાધોરણોના માપદંડના નિયમો, સામાજિક-ધાર્મિક જરૂરિયાતો, વિચાર-વાણી-વર્તન આદિના વિવિધ પાસાઓને ધ્યાનમાં લઈ યથાર્થ વાસ્તવિક શૈક્ષણિકક્ષેત્રના પાયાના સિધ્ધાંતોની રચના કરી હતી. અલબત્ત બદલાતા સમય સાથે તેમાં યથાયોગ્ય જરૂરિયાત પ્રમાણે પરિવર્તનો આવતા ગયા, જે ને તત્કાલિન શિક્ષણક્ષેત્ર સ્વીકારતું ગયું. સમય સાથે શિક્ષણની સીમાઓ વિકસતી ગઈ. જરૂરિયાતો અને પરિસ્થિતિ પ્રમાણે વારંવાર અનેક સુધારા વધારા આવતા ગયા તે સાથે જ બિનજરૂરી લાગતી વાતો છૂટતી ગઈ. આ પ્રક્રિયા આજદિન સુધી ચાલુ જ છે.

આપણે સૌ હવે ૨૧મી સદીમાં જીવી રહ્યા છીએ. હવે વિશ્વ દિન પ્રતિદિન નાનું ને નાનું થતું જાય છે. માનવીય આવશ્યકતાઓને ધ્યાનમાં લઈ વૈવિધ્યતાપૂર્ણ ટેકનિકલ ડેવલપમેન્ટ થતું જાય છે. વર્તમાન જીવનમાં જરૂરિયાતો, રહેણીકરણી, કામધંધાવ્યાપાર, જીવનમૂલ્યો, અભિલાષાઓ, કલ્પનાઓ, સ્વપ્નો વિગેરે પણ બદલાતા અને આગળ વધતા જાય છે.

સામાન્ય રીતે કોઈ પણ ક્ષેત્રના નિર્માણ અને વિકાસ માટે પ્રથમ પાયાના સિધ્ધાંતો નક્કી કરવામાં આવે છે. એ સિધ્ધાંતો વૈજ્ઞાનિક દીર્ઘદ્રષ્ટિવાળા, વ્યવહારુ અને પરિણામલક્ષી કેટલા છે. તેના આધારે તે ક્ષેત્રનો વિકાસ થાય છે; જેમ કોઈ મોટી ઇમારતના નિર્માણવેળા તેના પાયાની મજબૂતી પર વિશેષ ધ્યાન દેવામાં આવે છે. તેમ આ સિધ્ધાંતો નક્કી કરતી વેળા તે શા માટે છે અને તેના દ્વારા સમાજ, સંસ્થા, રાષ્ટ્ર યા નિર્માણકર્તા વ્યક્તિનો ભવિષ્યમાં કોઈ ફાયદા-લાભો મળી શકવાના છે? તે અંગે ચોક્કસ ગણતરીપૂર્વકની ધારણા કરવામાં આવે છે, જેથી આ પ્રકારના સિધ્ધાંતોના રચયિતા પૂરતા જ્ઞાનવાળા, ભાવિદ્રષ્ટિવાળા, અનુભવી અને નિષ્ઠાવાળા હોવા જરૂરી છે.

એ રીતે જ વર્તમાન શિક્ષણ- પ્રણાલીમાં પણ પરિવર્તન થઈ રહ્યું છે. જીવનમૂલ્યોની સાથે માનવ ઉપયોગીવાદ તરફ પૂરતું લક્ષ્ય અપાઈ રહ્યું છે. વર્તમાન સમયમાં અતિ વ્યવહારુ અને આવશ્યકતાઓ સત્વરે પૂરી કરી શકે તેવી શિક્ષણ વ્યવસ્થાની માંગ વધતી જાય છે. અર્થાત હવે શિક્ષણ જગતમાં પણ પાયાના સિધ્ધાંતને સૂક્ષ્મદ્રષ્ટિથી તપાસી-મઠારી વર્તમાન સમયની માંગ અને જરૂરિયાતો પ્રમાણે ફેરફાર કરી પ્રસ્થાપિત કરવાનો સમય પાકી ગયો છે. હવે વર્તમાન સમયને અનુકૂળ એવા જરૂરી, પ્રભાવોત્પાદક, પરિણામલક્ષી, માનવજાતને સુખદ સ્થિતિએ લઈ જનાર સિધ્ધાંતો કાપકૂપ-વધઘટ કરી બનાવવા પડશે. અલબત્ત સમય સાથે એ પ્રકારની જાગૃતિ આવતી જાય છે; એ સુખદ વાત છે.

પશ્ચિમના એક પ્રસિધ્ધ કેળવણીકાર **વિલિયમ આર્થર વોર્ડ**એ આજથી લગભગ બે દાયકા પહેલા શિક્ષકની યોગ્યતાના આધારે પાંચ પ્રકાર પડ્યા હતા. **(૧) નિમ્ન (૨) મધ્યમ (3) ઉચ્ચ મધ્યમ (૪) ઉચ્ચ (૫) ઉત્તમ.** વિગતે આ પાંચે પ્રકારની માહિતી આપતા જણાવ્યું છે કે; **(૧) નિમ્ન**: Mediocre Teacher : બાળકને માત્ર અભ્યાસક્રમના મુદ્દાની માહિતી આપે છે. અર્થાત પુસ્તકમાં લખેલ માહિતી જેમની તેમ બોલી અથવા વાંચી જાય છે. **(૨) મધ્યમ**: Medium Teacher : શૈક્ષણિક મુદ્દાને થોડી ઘણી વિગતે સમજાવે છે. **(3) ઉચ્ચ મધ્યમ**: Upper Teacher : આ શૈક્ષણિક માહિતીનો વ્યવહારું ઉપયોગ ભણાવે-જણાવે છે. **(૪) ઉચ્ચ**: Upper Class Teacher : શૈક્ષણિક માહિતીનો વ્યવહારમાં કેવી રીતે ઉપયોગી કરવો તે થોડી વધુ વિગતે, દાખલા-દલીલથી સમજાવે

છે. **(૫) ઉત્તમ: Expert Teacher** : શૈક્ષણિક મુદ્દા જ્ઞાન-આવડત-દ્રષ્ટાંત-પ્રયોગ વગેરે ઉમેરી મુદ્દાને જીવંત જીવનલક્ષી બનાવી, વ્યવહારમાં તેનો કેવી રીતે ઉપયોગ કરવો એ સમજાવે-શીખવે છે.

**ડૉ. કિરણ બેદી, ભૂતપૂર્વ પ્રથમ મહિલા IPS ઑફિસર** તેમના મતે, "ભારતના યુથ દ્વારા કૉમ્યુનિટી સર્વિસમાં ઝંપલાવવાની જરૂર છે. દરેક વિદ્યાર્થી પોતાને ગમતા સોશિયલ કોર્સ જેવાં કે, અન્ડર પ્રિવિલિજડ બાળકો માટે શિક્ષણ, વાતાવરણને લગતી સમસ્યાઓ, સ્લમ વિસ્તારના બાળકો અને મહિલાઓની સમસ્યાઓ પર કાર્યો કરવા જરૂરી છે. જેથી વ્યક્તિ તરીકેની જવાબદારી તેમના વ્યક્તિત્વમાં પરીવર્તન લાવશે. આ ઉપરાંત સોશ્યલ લિડરશીપ પણ સમજવી તેટલી જ જરૂરી છે."

તો, **સામ પિત્રોડા, કોમ્યુનિકેશન ક્રાંતિપ્રણેતા** તેમના વિચારો જોઈએ તો, "હાલ આપણે ટેક્નોલૉજીના યુરોપ-અમેરિકા મૉડેલનું ખોટી રીતે અનુકરણ કરીએ છીએ. હું તેની સાથે બિલકુલ સંમત નથી. ટેક્નોલૉજીના ઉપયોગ માટે આપણે જરૂરિયાત, પરંપરા અને પ્રાથમિકતાના આધારે 'ઇન્ડિયન કન્ટેન્ટ' વિકસાવવું જોઈએ. મ્યુઝિક, ખરેખર તો આપણે આપણી પ્રાથમિકતાના આવશ્યકતા, સમસ્યા અને અભિરુચિને ઓળખવા પડશે. અને તેને અનુકૂળ હોય તેવી પધ્ધતિ શોધવી પડશે......... વાલીઓ બહુ બહુ તો પોતાના બાળકને સુવિધાઓ આપી શકશે, શિક્ષકો તેમનામાં ઉત્સાહ જગાવી શકશે. પરંતુ એ ઉત્સુકતાઓનો જવાબ મેળવવાની તલ્લિનતા તો વિદ્યાર્થીમાં પોતાનામાં હોવી જોઈએ."

આધુનિક ભારતમાં ખોટી શિક્ષણનીતિના કારણે આઝાદીના ૬૭ વર્ષ પછી પણ કેટલાંક પડકારો રાષ્ટ્ર સમક્ષ ઉપસ્થિત થયા છે.

**(૧) <u>જવાબદાર નાગરિક બનવા માટેના પ્રાથમિક સિધ્ધાંતો</u>** : **(અ)** સ્વાર્થ, અહંકાર, આળસને દૂર કરી રાષ્ટ્રના નાગરિકોને પુરુષાર્થ અને કર્તવ્યનિષ્ઠ બનાવવા. **(બ)** દરેક નાગરિકને વ્યક્તિગત, સામાજિક, આર્થિક, રાષ્ટ્રીય અને પ્રાકૃતિક સુરક્ષા સુલભ કરાવવી. **(ક)** પાખંડ અને અંધવિશ્વાસને તેના મૂળમાંથી સમાપ્ત કરવા. **(ડ)** ભ્રષ્ટાચાર, જાતિવાદ, સંપ્રદાયવાદ અને ક્ષેત્રવાદને સમાપ્ત કરવા.

(૨) **<u>શૈક્ષણિક અને આર્થિક ધ્યેયો</u>** : **(અ)** આપણા દેશના ૨૬ ટકા લોકોને આપણે શિક્ષિત કરવા. **(બ)** એક કરોડ ભિખારીઓને શિક્ષિત કરી રોજગારી આપવી. **(ક)** ૪૨ કરોડ લોકો કે જેઓ ગરીબી રેખા નીચે ભારતમાં રહે છે, તેમને આર્થિક રીતે સધ્ધર કરવા. **(ડ)** જનસંખ્યાનો વૃદ્ધિ દર ૧.૩ ટકા છે, પ્રતિવર્ષ તેને સંતુલિત કરવો. **(ઇ)** ૩૫ વર્ષથી ઓછી ઉંમરના ૧૦.૫ ટકા બેકાર યુવાનોને રોજગારી અપાવવી અને તેમને સ્વાવલંબી બનાવવા. **(ફ)** મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે સામંજસ્ય સ્થાપિત કરવું. **(ભ)** માનવમૂલ્યોના સંરક્ષણ માટે હિંસા, અવિશ્વાસ, નફરત અને લાલચને દૂર કરવા.

(૩) **<u>સલામતી ઈસ્યુ (બાહ્ય અને આંતરિક)</u>** : **(અ)** આપણા દેશમાં ૩૫ આંતકવાદી સક્રિય સંગઠનો વ્યાપ્ત છે. તેમની વિચારધારાને બદલી તેનો જડમૂળથી નાશ કરવો. **(બ)** ભારતની ધરતીનો ૩૩ ટકા ભાગ નકસલવાદીઓના પ્રભાવ હેઠળ છે. એ લોકોને રાષ્ટ્રની મુખ્ય ધારા તરફ લાવવા. **(ક)** લગભગ ૪ કરોડ ગેરકાનૂની હથિયારો, ડ્રગ્સ અને નશીલા પદાર્થો પાકિસ્તાન દ્વારા દર વર્ષે મોકલાય છે એનું નિયંત્રણ કરવું. **(ડ)** પડોશી દેશથી આપણા દેશને આંતરિક અને બાહ્ય આક્રમણ સામે રક્ષણ આપવું.

આમ, સમસ્યાનું સમાધાન ચારિત્રનાં શિક્ષણ વિના સંભવ નથી. દેશનો પ્રત્યેક નાગરિક સન્માન તથા મોભાનો હકદાર છે. જો ભારતમાં ચારિત્રિક શિક્ષણને યોગ્ય સ્થાન મળે તો દેશના નાગરિક પદ અને પૈસાની પૂજા કરવાનું બંધ કરી ચારિત્ર્ય, કુશળતા અને યોગ્યતાના આધારે આગળ વધવાનું શરૂ કરશે. એ દિવસથી જ બધી સમસ્યાઓનું સમાધાન અને બધી સફળતાઓનો સમાવેશ રાષ્ટ્રની પ્રગતિ માટે થઈ શકે. આજે સ્થિતિ જોઈએ તો શિક્ષણ ધીરે ધીરે સંસ્કાર મૂલ્યો અને ગુણો પર જતું જાય છે એ એક સારો સંકેત છે. વ્યવસાયની સાથે સાથે સ્કિલ - આવડત અને પર્સનાલિટીને કેન્દ્રમાં લાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિમાં પણ આ પાસા પર ઘણો જ ભાર આપવામાં આવ્યો છે. શિક્ષણને મૂલ્યલક્ષી અને સ્કિલ બેઝ કરવા માટે સરકાર મથામણ કરી રહી છે, જે એક સારો સંકેત છે. આગામી દિવસોમાં પણ વિવિધ નીતિઓ અને કાર્યક્રમો દ્વારા શિક્ષણની તરેહ, પદ્ધતિઓ અને પરિણામોને યોગ્ય કક્ષા સુધી લઈ જવાની કોશિશ થઈ રહી છે. હાલમાં સમગ્ર માળખું

બદલવું અશક્ય નથી પણ પ્રયત્નો કરવાથી ચોક્કસ સકારાત્મક દિશા પ્રાપ્ત થઈ શકે, એ નક્કી જ છે.

સંદર્ભોની યાદી :


૧. શિક્ષણના સથવારે - રમણભાઈ પટેલ

૨. આપણા પ્રાચીન ગ્રંથો - ડો. ભગવાનભાઈ મિસ્ત્રી

૩. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ - ગુજરાતી વર્ઝન

૪.  શિક્ષણનું મનોમંથન - ડૉ. બેલા પટેલ

૫. શિક્ષણ અને જીવનમૂલ્યો - રવીન્દ્ર પાટડિયા



**ડૉ. જાગૃતિ મહેતા**